અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૯૯૪૦૦૧૨૪૦૧૩૬/૨૦૨૪ મુજબના ગુનાના કામના આરોપી નં.૧ અશ્વિનભાઈ સ/ઓ બાબુભાઈ ઉર્ફે બાબલા નં.૨ પરસોત્તમભાઈ સ/ઓ નાનજી સોલંકી નાઓની જામીન અરજી લગત હુકમ :-

---

ક્રિ.પ.અ.નં : ૧૦૮૮૦/૨૦૨૫

(૧) જામીન અરજી, એફ.આઈ.આર. વંચાણે લીધી. આરોપી પક્ષે વિ.વ.શ્રીને સાંભળ્યા. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ને સાંભળ્યા.

(૨) આરોપીપક્ષે વિ.વ.શ્રીની રજુઆત છે કે, આરોપીઓ નિર્દોષ છે. આરોપીઓને ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે. આરોપીઓ નાસીભાગી જાય તેમ નથી. આરોપીઓ ટ્રાયલ દરમ્યાન હાજર નિયમિત હાજર રહેશે તેમજ ભવિષ્યમાં કોઈ ગુનાહિત કૃત્ય કરશે નહી. નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનું આરોપીઓ પાલન કરવા તૈયાર છે તેવી હકીકતો જણાવી આરોપીઓની જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૩) સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ રજુઆત છે કે, આ કામના આરોપીઓ સામે પ્રથમ દર્શનીય કેસ હોય, આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. આરોપીઓ રીઢા ગુનેગાર હોય, આરોપીઓને જામીન પર મુકત કરવા સામે વાંધો લીધેલ છે.

(૪) બંને પક્ષોને સાંભળ્યા. આ કામે હાલના આરોપીઓ સામે બી.એન.એસ. ની કલમ-૩૦૫(સી), ૫૪ મુજબના ગુનાના ફરીયાદ હકીકત છે. આરોપીપક્ષે રજુઆત કરવામાં આવેલ છે આરોપીઓ નાસીભાગી જાય તેમ નથી. આરોપીઓ કુટુંબ કબીલાવાળા માણસ છે. નામદાર કોર્ટ જે કોઈ શરતો ફરમાવશે તેનુ આરોપીઓ ચુસ્તપણે પાલન કરશે. વળી, આરોપીઓ ટ્રાયલ દરમ્યાન નામદાર કોર્ટમાં હાજર રહેશે તેની ખાત્રીની હકીકત ધ્યાને લેતા વધુમાં આરોપીઓ સામે નોંધાયેલ ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો વધુમાં વધુ સાત વર્ષ સુધીની રહેલી છે. સદર ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા અત્રેની અદાલતને રહેલી છે. પરંતુ પોલીસે રજુ રાખેલ ધરપકડના કારણો દર્શાવતુ ચેક લિસ્ટ ધ્યાને લેતા હાલના આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. પરંતુ તેટલી હકીકત માત્રથી આરોપીઓને જામીન પર મુકત નહી કરવાથી પ્રિટ્રાયલ પનિશમેન્ટ તેવી સ્થિતિ ઉભી થવાની શકયતા રહેલી. આમ, આરોપીપક્ષે વિ.વ.શ્રીએ કરેલ રજુઆત મુજબ આરોપીઓ ટ્રાયલ દરમ્યાન હાજર નિયમીત હાજર રહેશે તેમજ ભવિષ્યમાં કોઈ ગુનાહિત કૃત્ય કરશે નહી વિગેરે હકીકત ધ્યાને લેતા તેમજ જામીન અરજીસંબધે નામદાર સુપ્રિમ કોર્ટ તેમજ જુદી-જુદી વડી અદાલતોના ચુકાદામાં જણાવેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેતા શરતોને આધીન આરોપીઓને જામીન મુકત કરવા માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૦ ની વિવેકાધિન સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચિત જણાતો હોય નીચે મુજબનો જામીન અરજી મંજુર કરતો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

- આ કામના **<u>નં.૧ અશ્વિનભાઈ સ/ઓ બાબુભાઈ ઉર્ફે બાબલા નં.ર પરસોત્તમભાઈ સ/ઓ નાનજી સોલંકી</u>** નાઓની જામીન અરજી મંજુર કરવામાં આવે છે.
- આ કામના દરેક આરોપીએ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર) પુરાના સધ્ધર જામીન અત્રેની અદાલતમાં જામીનગીરી ડિપોઝીટ પેટે જમા કરાવ્યેથી તેમજ નીચેની શરતોને આધીન જામીન મુકત કરવામાં આવે છે.

**-: શરતો :-**

(૧) આરોપીઓએ ફરીવાર આવા ગુનાનું પુનરાવર્તન કરવુ નહી.
(ર) આ કામના આરોપીઓએ કેસ ચાલતા સમયે નિયમિત પણે કોર્ટમાં હાજર રહેવુ.
(૩) આરોપીઓએ તથા જામીનદારે પોતાના રહેઠાણનું પાકુ સરનામુ અત્રેની અદાલતમાં જાહેર કરવુ મોબાઈલ નંબર જાહેર કરવા અને અને જો સરનામુ બદલવાનુ થાય તો તેની જાણ અત્રેની અદાલતને કરવી.

સદરહુ હુકમ આજ તા.૧, માહે ઓકટોબર સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૧/૧૦/૨૦૨૫
અમદાવાદ

**(જીતેશ વિષ્ણુપ્રસાદ જોષી)**
૪ એડિશનલ ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.પ., અમદાવાદ શહેર.
યુનિક કોડ નં. જીજે૦૦૯૨૭